# હિંગળાજની મુવાડીમાં ઝાડા ઉલ્ટીના ૧૧ કેસ નોંધાયા

## છ દર્દી સારવાર માટે કડાદરા આરોગ્ય કેન્દ્રમાં દાખલ

ગાંધીનગર, તા. ૩

દહેગામ તાલુકાના હિંગળાજની મુવાડી ગામે ઝાડા-ઉલ્ટીના ૧૧ કેસ નોંધાતાં આરોગ્ય તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી.

કડાદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની હદમાં આવેલ આ ગામે નોંધાયેલા ૧૧ ઝાડા-ઉલ્ટીના કેસમાં ત્રણ ૧૨ વર્ષના બાળકોનો પણ સમાવેશ થાય છે.

મળતી વિગતો મુજબ ગઈકાલે સાંજે પાંચ જેટલા સાદા ઝાડાના કેસ નોંધાતાં જ હરકતમાં આવેલા આરોગ્ય તંત્રએ તાબડતોબ સર્વેલન્સની કામગીરી હાથ પર લીધી હતી જેને પગલે વધુ ૬ કેસ મળી આવ્યા હતા.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગામની પાણીની ટાંકી નજીક જ ચારથી વધુ લિકેજીસ મળી આવ્યા હતા જેથી આરોગ્યતંત્રના અધિકારીઓ ચોંકી ઉઠ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે ૧૧ નોંધાયેલા કેસમાંથી પાંચ દર્દીને રજા આપી દેવામાં આવી છે જ્યારે છ દર્દીને કડાદરા આરોગ્ય કેન્દ્રમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે જ્યાં તેમની તબિયત સારી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

આ ગામે અગાઉ પણ રૂટીન સર્વેલન્સ દરમ્યાન પણ પાણીના લિકેજીસ મળ્યા હતા અને પંચાયતને તે રિપેરીંગ માટેની તાકીદ કરાઈ હતી. જિલ્લાની ટીમે આજે મળેલા નવા લિકેજીસને પગલે પંચાયતને નોટીસ આપવાનો નિર્ણય કર્યો હોવાનું જાણવા મળેલ છે.

દરમ્યાન જિલ્લા આરોગ્ય તંત્રએ જિલ્લાની તમામ પંચાયતોને ચોમાસાના આરંભ પૂર્વે પેયજળની પાઈપલાઈનોની ચકાસણી કરી લિકેજીસ દેખાય તો તાત્કાલિક રિપેર કરાવવા માટેની તાકીદ કરતો પત્ર પાઠવવાનો નિર્ણય કરેલ છે.



## લાઈવલી હુડ મિશન દ્વારા સ્વરોજગારી માર્ગદર્શન કેમ્પ યોજાયો

આજે તા. ૩-૬-૨૦૧૬ના રોજ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા એન.યુ.એલ.એમ. (રાષ્ટ્રીય શહેરી આજિવિકા મિશન) અંતર્ગત એક આજીવિકા કેમ્પનું આયોજન સેક્ટર-૨૧ના પતંગ બજાર ખાતે સવારે ૧૧.૦૦ કલાકે કરવામાં આવેલ હતું. જે કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પ્રવિણભાઈ પટેલ, ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા (જીગાબાપુ), સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન મનુભાઈ પટેલ, ગાંધીનગર (ઉત્તર) ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના નાયબ મ્યુનિસિપલ કમિશનર જે.બી. બારૈયા તથા મેડીકલ ઓફીસર ઓફ હેલ્થ દિનેશભાઈ બારોટ ઉપસ્થિત રહ્યા હતા. જે કેમ્પનો મુખ્ય હેતુ લોકોને આજીવિકા મળી રહે તે હતો. એન.યુ.એલ.એમ.માં સ્વરોજગાર માટે સબસીડીવાળી લોન, સખી મંડળની રચના, કૌશલ્ય વર્ધક તાલીમ આપવામાં આવે છે. જેના દ્વારા લોકોને રોજગારી મળી રહે. આ આજીવિકા કેમ્પનું આયોજન દરેક વોર્ડમાં પણ અઠવાડિયામાં ત્રણ દિવસ નક્કી થયેલ, વાર તથા સમય મુજબ રાખેલ છે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગમાં આજે દિવસમાં બે વખત લાઈટો જતી રહેવા પામી હતી જેને કારણે દૈનિક કામગીરી પર વિપરિત અસરો પડી હતી.

● આજે શિક્ષણ વિભાગ દ્વારા પ્રવેશોત્સવની બ્રીફીંગ બેઠક અને યોગ દિવસની ઉજવણી માટે રમત-ગમત વિભાગ દ્વારા વિડીયો કોન્ફરન્સ યોજાઈ હતી. જેને લઈ તંત્ર આખો દિવસ વ્યસ્ત રહ્યું હતું.

● રાજયસભાના સાંસદ તરીકે ભાજપના શ્રી પુરૂષોત્તમ રૂપાલા આજે વિધિવત રીતે બિનહરિફ ચુંટાયેલા જાહેર કરાયા છે.

● ગાંધીનગર શહેરમાં ગરમીનો પારો હજુ પણ ૪૦થી નીચે આવતો ન હોવાથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

● જિલ્લામાં પાણીજન્ય રોગચાળાએ ઉંચકેલા માથાને કારણે આરોગ્ય તંત્રની મુંઝવણમાં વધારો થવા પામ્યો છે.

● શહેરમાં ગરમીના પ્રકોપને લઈ વારંવાર વીજ ટ્રીપીંગની ફરિયાદોમાં વધારો થવા પામ્યો છે.

● માર્ગ મકાન વિભાગે નવ જેટલા નાયબ કાર્યપાલક ઈજનેરોની સચિવાલયમાં આંતરિક બદલી કરી છે.

# શહેરમાં વિવિધ સ્થળોએ મનપા દ્વારા સફાઈ ઝુંબેશ

ગાંધીનગર, તા. ૩

વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી સંદર્ભે શહેરના વિવિધ સ્થળોએ સફાઈ ઝુંબેશ યોજાઈ હતી. જેમા શહેરના કાઉન્સિલરો અને નગરજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. આગામી ૫ મી જૂને સરિતા ઉદ્યાન ખાતે વૃક્ષારોપણ તથા નદી કિનારેથી પ્લાસ્ટીકનો કચરો સાફ કરવા માટેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

શહેરના વોર્ડ નં. ૧ થી ૮ના જાહેર સ્થળોએ વિશ્વ પર્યાવરણ દિવસ અંતર્ગત યોજાયેલ સફાઈ ઝુંબેશને ખુબ સારો પ્રતિસાદ મળ્યો હતો. શહેરના સેક્ટર-૨૮, બાલોદ્યાન, બોરીજ, અક્ષરધામ, ખાણીપીણી બજાર, સેક્ટર-૨૧ અને સે. ૨૪ શાકમાર્કેટ, સેક્ટર-૧૬ ખાણીપીણી બજાર, તથા સે. ૬, ૭, ૨ અને ૮ શોપીંગ સેન્ટર ખાતે સઘન સફાઈ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મનપાના કાઉન્સિલરો સર્વશ્રી કાર્તિકભાઈ પટેલ, પાર્વતીબેન પરમાર, નાઝાભાઈ ધાંધર, નરેશકુમાર પરમાર, પ્રવિણાબેન વોરા, રીટાબેન પટેલ, પ્રિતીબેન દવે, ઉર્મિલાબેન વર્મા, હિરલબેન જોશી, હર્ષાબેન ધાંધલ અને પ્રવિણાબેન દરજી જોડાયા હતા. શહેરના અગ્રણી નગરજનો તથા વસાહતીઓ આ સફાઈ ઝુંબેશમાં ઉત્સાહભેર જોડાયા હતા.




રાજીવ ગાંધી સંગઠન દ્વારા આયોજિત 'ગામ યાત્રા' અંતર્ગત ગાંધીનગર તાલુકાના ઉવારસદ, અડાલજ અને પોર ગામની મુલાકાત લેતા ઉત્તર ગુજરાતના કન્વીનર પંકજ પટેલ, જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભી, પ્રદેશના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલ, કૃભકોના ડાયરેક્ટર પરેશ પટેલ, માણસા શહેરના અધ્યક્ષ જયંતિભાઈ પટેલ, તાલુકા સંઘના અધ્યક્ષ સુરેશભાઈ પટેલ, અડાલજ ગામના અગ્રણી બેચરજી ઠાકોર, ચિરાગ ઠાકોર, વિષ્ણુભાઈ પટેલ સહિત અન્ય અગ્રણી કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## ક-૬ના સર્કલથી કોલવડા રોડ પર અંધારપટ છવાયો

ગાંધીનગર, તા. ૩

આખાય ગાંધીનગરમાં એલઈડી લાઈટોથી ઝગમગાટ કરી દેવામાં આવ્યું પણ ક-૬ના સર્કલ થી કોલવડા રોડની સ્ટ્રીટ લાઈટ કોઈનાય ધ્યાનમાં આવતી નથી. છેલ્લા કેટલાય સમયથી સ્ટ્રીટ લાઈટોના થાંભલા શોભાના ગાંઠીયાની જેમ ઉભા રહ્યા છે. આ વિસ્તારના કોર્પોરેટર પણ નિષ્ક્રીય કામગીરી બજાવતા હોય તેવું લાગી રહ્યું છે. ક-૬થી ડી-માર્ટના મોલ આવેલ હોવાથી રાત્રે પણ ટ્રાફિકનો ખુબ જ ઘસારો રહે છે. સર્કલ ઉપર પણ સ્ટ્રીટ લાઈટ ન હોવાથી ચાર રસ્તા ઉપર ઘણા જ એક્સીડન્ટ જોવા મળે છે. ક-૬ના સર્કલ પછી કોલવડા રોડ ઉપર ગાંધીનગરની શોભામાં કલગી લગાવે તેવી સુંદર ઈલેકટ્રોનિક્સ જીઆઈડીસી આવેલ છે, પરંતુ આ રોડ ઉપર છેલ્લા કેટલાય સમયથી અંધારપટ છવાયેલો હોવાથી રાત્રે અંધારામાં ગાડીઓ પાર્કીંગ કરી દારૂઓની મહેફીલ માણતા ગાંધીનગરના નબીરાઓને મોકળું મેદાન મળી ગયું છે.

સત્વરે આ રોડ ઉપર પણ એલઈડી લાઈટોથી સુશોભીત કરવામાં આવે તેવી જાહેર હિતમાં માંગણી છે.

# સરકાર દ્વારા રાજકીય કિન્નાખોરીથી જો પંચાયતોના સ્વભંડોળ પર નિયંત્રણ મુકાશે તો જલદ આંદોલન કરાશે

ગાંધીનગર, તા. ૩

રાજયમાં પંચાયતીરાજ વ્યવસ્થા સંદર્ભે છેલ્લા ઘણા સમયથી રાજ્ય સરકાર દ્વારા રાજકીય કિન્નાખોરી રાખવામાં આવે છે. રાજ્ય સરકાર એક યા અન્ય કારણોસર પંચાયતો મારફતે ગ્રામ્ય વિસ્તારનો વિકાસ ન થાય તે માટે અવરોધ ઉભા કરવામાં આવે છે. પંચાયતોને ચૂકવવામાં આવતી ખાણ-ખનીજ વિભાગની રેતી-કાંકરી તેમજ સ્ટેમ્પ ડ્યુટીની ગ્રાન્ટ હાલમાં તબક્કે અન્ય સુચના ન મળે ત્યાં સુધી ન વાપરવી તેવી સુચનાઓ બહાર પાડી છેલ્લા ૬ માસથી ગામડાનો વિકાસ રૂંધી રાખ્યો છે. જે ગ્રાન્ટ ચુકવવાની છે તે ગ્રાન્ટ ગ્રામીણ વિસ્તારના વિકાસ પાછળ વાપરવાની થાય છે.

જિલ્લા/તાલુકા અને ગ્રામ પંચાયતોના સ્વભંડોળ એટલે કે પોતાના ફંડનો ઉપયોગ પંચાયતો પંચાયત ધારાની જોગવાઈ મુજબ કરે છે તેમજ પંચાયતોને પંચાયત ધારાથી પ્રાપ્ત સત્તા, કાર્યો અને ફરજો બજાવવાના અધિકાર આપવામાં આવ્યા છે. તે માત્ર પરિપત્ર કે હુકમથી રદ કરી શકે નહિ તેમજ રોકી શકાય નહિ તેવી બંધારણીય જોગવાઈ છે.

રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્ણ થયા બાદ નવા ચૂંટાયેલા જિલ્લા/તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ અને સદસ્યશ્રીઓ રાજયમાં ગ્રામીણ વિસ્તારમાં વિકાસની કામગીરી કરવા ઘણા ઉત્સુક છે પરંતુ રાજ્ય સરકાર દ્વારા રાજકીય દખલગીરી કરવામાં આવે છે અને બંધારણીય જોગવાઈ વિરૂદ્ધ જઈ અવરોધ ઉભા કરવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા જો પંચાયતોના સ્વભંડોળ ઉપર નિયંત્રણ મુકવામાં આવશે તો રાજ્યની તમામ જિલ્લા પંચાયત/ તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતો દ્વારા નજીકના ભવિષ્યમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે. અને રાજ્ય સરકાર દ્વારા રાજકીય કિન્નાખોરી બંધ કરી દેવી જોઈએ જેથી ઘણા લાંબા સમયથી ગ્રામીણ વિકાસના કામો ખોરંભે પડેલ છે તે તાકિદે ચાલુ કરી શકાય તેમ ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદના પ્રમુખ રાજેન્દ્ર પારધી અખબારી યાદીમાં જણાવે છે.

# નગરપાલિકાઓના પડતર પ્રશ્નો બાબતે મુખ્યમંત્રીને રજુઆત

ગાંધીનગર, તા.૩

ગુજરાત નગર પરિષદની સામાન્ય સભા તાજેતરમાં કચ્છ મુકામે મળી હતી. આ સભામાં પાલિકા પ્રમુખ અને પ્રતિનિધિઓ હાજર રહીને પાલિકાના વર્ષોથી પડતર રહેલા પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરાઈ હતી. જેમાં રાજય તરફથી ચીફ ઓફિસર, એકાઉન્ટન્ટ, હેલ્થ ઓફિસર, ઓડિટર કે અન્જીનિયરની નિમણુંક થઈ રહી છે. તે નગરપાલિકાની સ્વતંત્રતા ઉપર તરાપ મારવાની વાત છે. રાજયની નગરપાલિકાઓને પુરી સ્વતંત્રતા આપવામાં આવે તે માટે મુખ્યમંત્રી ને આવેદન પત્ર પાઠવી ગુજરાત નગરપાલિકા પરિષદ દ્વારા રજુઆત કરાઈ છે.

ગુજરાત નગરપાલિકા પરિષદ દ્વારા છેલ્લા ઘણા સમયથી નગરપાલિકાઓના પોતાના પડતર પ્રશ્નોને લઈને મુખ્યમંત્રીને રજુઆત કરવામાં આવી છે જેમાં ચીફ ઓફિસરની નિમણુંક બોર્ડ મારફત થવી જોઈએ, તેમજ જે તે નગરપાલિકાના બોર્ડની સ્વતંત્રતા હાલમાં ખુંચવી લેવામાં આવી છે તે રદ કરવી અને જુની જે રીતે સ્વતંત્રતા હતી તે પ્રમાણે સત્તા આપવી, જયારે ગુજરાતની ૬૦ થી ૭૦ નગરપાલિકાઓમાં ચીફ ઓફિસરની જગ્યાઓ ખાલી છે અને વહીવટ ચાર્જથી ચલાવાય છે જેને પરિણામે કામોમાં વિલંબ થાય છે પાલિકાના અટકી પડેલા કામો ઝડપી બને તે માટે તાત્કાલીક ચીફ ઓફીસરની નિમણુંક થવી જોઈએ.ચીફ ઓફિસરનો ખાનગી અહેવાલ પ્રમુખ લખતા હતા તે હવે કલેકટર લખે છે તે સત્તા ફરી પ્રમુખને આપવી જોઈએ. ટાઉન પ્લાનીંગમાં પહેલા ૬ ચુંટાયેલા સભ્યો અને નગર નિયોજક એમ ૭ સભ્યોની કમિટી બનાવતા હતા. જેને બદલે ચીફઓફિસર સદર કમિટીના સચિવ અને પ્રાંત અધિકારી સભ્ય તરીકે ૯ સભ્યોની કમિટી બનાવવામાં આવેલ છે જે બંધારણને અનુરુપ નથી. નગરપાલિકા સેવા પસંદગી મંડળની રચના કરવી, ધારાસભ્યો, સંસદસભ્યો ને સરકાર દ્વારા જે માનદ વેતનમળે છે તેમ નગરપાલિકાના ચુંટાયેલા સભ્યોને માનદવેતન મળવું જોઈએ. નર્મદાનું પાણી ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાંને અલગ અગલ દરે આપવામાં આવે છે તો આ દરો સમાન રાખીને જનતા વચ્ચે ભેદભાવ દુર કરવો જોઈએ. નગરપાલિકાના ટ્રેકટર અને ફાયર ફાયટરો વગેરે આપે છે તે મુજબ ડ્રાઈવરોની ભરતી કરવામાં આવે છે.તે મુજબ લઘુતમ મહેકમ વધારો કરવો જોઈએ. નવો મ્યુનિસિપલ એકટ તૈયાર છે તેનો તાત્કાલિક અસરથી અમલ કરવો જોઈએ. સુધારેલ એકટ વિધાનસભામાં રજુ કરી અમલમાં લાવવો. સરકારના અગત્યના ઠરાવો અને પરિપત્રો પરિષદને મળી શકે તે માટે રાજય સરકારના મેઈલીંગ લીસ્ટમાં નામ સામેલ કરવું. તેમજ સ્ટેમ્પ ડયુટી અને સરચાર્જની જે વસુલાત થાય છે તેમા નગરપાલિકાને હિસ્સો મળવો જોઈએ તે સહિતના પ્રશ્નોની રજુઆત મુખ્યમંત્રી સમક્ષ ગુજરાત પરિષદના પ્રમુખ પોપટલાલ એસ પટેલે કરી છે.

## સેક્ટર-૨માં બાલાહનુમાન મંદિરે શનિશ્વર જયંતિ ઉજવાશે

ગાંધીનગર, તા. ૩

સેક્ટર-૨ ખાતે આવેલ બાલાહનુમાનજી મંદિર દ્વારા આયોજીત શનિશ્વર જયંતિ તા. ૪-૬-૨૦૧૬ શનિવાર સવારે ૯.૦૦ કલાકે હવન, ૧૨.૦૦ કલાકે શનિદેવ પંચામૃત અભિષેક, સાંજે ૬.૦૦ કલાકે કાન્તીભાઈ યોગીના સ્વરે સુંદરકાંડ પાઠ અને રાત્રે ૮.૦૦ કલાકે મહા આરતીનું આયોજન કરેલ છે. સર્વ ભક્તોને લાભ લેવા આમંત્રણ છે.

## ગુજરાત રાજય બોર્ડ-નિગમ સરકારી સાહસોના કર્મચારીઓનું મહામંડળ દ્વારા સોવીનીયરનું વિમોચન કરાશે

ગાંધીનગર, તા.૩

ગુજરાત રાજય બોર્ડ-નિગમ-સરકારી સાહસોના કર્મચારીઓનું મહામંડળ દ્વારા આગામી તા. ૬ જૂનને સોમવારના રોજ સવારે ૧૧.૩૦ થી ૧.૩૦ કલાક દરમિયાન સોવીનીયરના વિમોચનનું આયોજન કરવામાં આવ્યું છે. સર્કીટ હાઉસ ગાંધીનગર ખાતે ગતિશીલ ગુજરાત વિકાસશીલ ગુજરાતના સોનેરી સ્વપ્નોને સાકાર કરવા સતત પ્રયત્નશીલ એવા સહકારી સાહસોએ વર્ષ ૨૦૦૨માં ગુજરાતમાં સંગઠનનું નિર્માણ કરી કર્મચારીઓને સંગઠીત કરતું મહામંડળ રચાયું છે. જે અંતર્ગત સોવીનીયરનું વિમોચન સોમવારે કરાશે. આ પ્રસંગે મનપાના મેયર પ્રવિણભાઈ પટેલ, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, મનુભાઈ પટેલ, દેવેન્દ્રસિંહ ચાવડા, ઉત્કર્ષ દિનેશભાઈ પટેલ અને વિષ્ણુભાઈ પટેલ સહિતના અગ્રણીઓ હાજર રહેશે એમ મંડળના પ્રમુખ પ્રવિણકુમાર સુતરીયાએ જણાવ્યું છે.

## દુ:ખદ અવસાન

સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ શાંતિલાલ ઓધવજી મહેતા ઉં.વ. ૮૪, મુળ મોટા આંકડીયા હાલ અમદાવાદનો સ્વર્ગવાસ તા. ૨-૬-૨૦૧૬ના રોજ થયેલ છે.

સદગતની પ્રાર્થના સભા તા. ૪-૬-૨૦૧૬ સાંજે ૫ થી ૭ સદવિચાર પરિવાર હોલ, બીઆરટીએસ બસ સ્ટોપ પાસે રામદેવનગર, સેટેલાઈટ રોડ અમદાવાદ ખાતે રાખેલ છે.


# એ રાષ્ટ્રનું પોષણ કરે છે. એણે પોતાના પરિવારનું પણ પોષણ કરવાનું છે.



અમારા માનવંતા ઉપભોક્તાઓને અમે જણાવવા ઈચ્છીએ છીએ કે આપની પાસેથી લીધેલા પ્રત્યેક રૂપિયામાંથી લગભગ 80 પૈસા દૂધ ઉત્પાદકોને પરત કરાય છે, કે જેઓ વાસ્તવમાં અમારા માલિકો છે, અને દુનિયાના આ ભાગમાં કિંમતની દૃષ્ટિએ ઉપભોક્તા–ઉત્પાદક વચ્ચેનું એ શ્રેષ્ઠ પ્રમાણ છે.

- દૂધ ઉત્પાદકો દૂધનું ઉત્પાદન કરતા રહે તે માટે જરૂરી છે કે તેઓ ઉત્પાદન ખર્ચને પહોંચી વળે, અને પોતાની આજીવિકા રળે.
- પશુ આહારના કાચા માલના ભાવ અને મજૂરી ખર્ચમાં વધારો થવાના કારણે દૂધ ઉત્પાદન ખર્ચ વધ્યો છે. એની અસર ગુજરાતની ડેરી સહકારી મંડળીઓ સાથે સંકળાયેલા 36 લાખ ખેડૂત પરિવારોને થાય છે.
- પરિણામે, એ ખર્ચમાં વધારાનો એક હિસ્સો અમારા ઉપભોક્તાઓ પાસેથી લેવા અમે મજબૂર થયા છીએ. એક વર્ષ પછી, દૂધની કિંમતોમાં માત્ર 2-5%નો વધારો થઈ રહ્યો છે. આ કિંમત વધારો સીધો દૂધ ઉત્પાદકોને પહોંચે છે અને વચેટિયાઓના ખિસ્સામાં નથી જતો.
- **આ નવી કિંમતો તા. 4 જૂન, 2016થી અમદાવાદ, સૌરાષ્ટ્ર અને કચ્છમાં અમલી બનશે.**

કોઈ પણ સ્પષ્ટીકરણ માટે, કૃપયા 079-23969055/56/57 અથવા ટોલ ફ્રી નં. 1800-258-3333 પર અમારો સંપર્ક કરશો.

| પ્રકાર | પેકિંગ | વર્તમાન MRP* (₹) | સુધારિત MRP* (₹) |
|---|---|---|---|
| અમૂલ ગોલ્ડ | 500 mL | 24 | 25 |
| અમૂલ શક્તિ | 500 mL | 22 | 23 |
| અમૂલ ટી–સ્પેશ્યલ | 1 L | 44 | 46 |
| અમૂલ તાજા | 500 mL | 18 | 19 |
| | 1 L | 36 | 37 |
| | 200 mL | 7.50 | 8 |
| ચ્હા મઝા | 500 mL | 18 | 19 |
| | 1 L | 36 | 37 |
| અમૂલ સ્લિમ એન ટ્રિમ | 500 mL | 17 | 18 |
| | 200 mL | 7 | 7.50 |
| | 270 mL | 10 | કોઈ ફેરફાર નહીં |
| અમૂલ ગાયનું દૂધ | 500 mL | 20 | 21 |
| અમૂલ ડાયમંડ | 500 mL | 25 | 26 |

*એમઆરપી (બધા કરવેરા સાથે). શરતો લાગુ.




અમૂલ દૂધ

FCB ULKA 10580297GUJ